પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૪૮ | ૧૮ નવેમ્બર, ૨૦૧૭, શનિવાર ; કારતક વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### રાહુલ ગાંધી ૧૧મીએ કોંગ્રેસ પ્રમુખ બનશે



છેલ્લા કેટલાય દિવસોથી ચાલી રહેલી ચર્ચાઓના અંતે જાણવા મળ્યુ છે કે આગામી તા. ૧૧મી ડિસેમ્બરના રોજ રાહુલ ગાંધી કોંગ્રેસના પ્રમુખપદે બીરાજશે.

### મુંબઈથી ૧૧ કરોડની રોકડ જપ્ત

આવકવેરા વિભાગે મુંબઈમાં એનએસઈના બ્રોકરની ઓફિસે દરોડા પાડી ૧૧ કરોડની રોકડ જપ્ત કરી છે.

### વોડાફોનનો નવો ડેટા પ્લાન રજુ

ટેલીકોમ ક્ષેત્રની મોટી કંપની વોડાફોને તેનો નવો ડેટા પ્લાન રજુ કર્યો છે. માત્ર ૫૦૦ રૂ.માં બે માસ માટે દરરોજ ૧ જીબી જેટા ઉપલબ્ધ રહેશે.

### વિમાની યાત્રીઓની સંખ્યા ઓક્ટોબરમાં ૧.૦૪ કરોડ


ઓક્ટોબરમાં તહેવારના મહિનામાં સ્થાનિક યાત્રીઓની હજુ સુધી હાઈએસ્ટ સંખ્યા નોંધાઈ છે. ડીજીસીએના આંકડા દર્શાવે છે કે, છેલ્લા મહિનામાં દેશની અંદર ૧.૦૪ કરોડ લોકો વિમાની યાત્રા કરી ચુક્યા છે.



# ભાજપની પ્રથમ યાદી જાહેર

## પાટીદાર બહુમતિવાળા વિસ્તારોમાં વેઇટ એન્ડ વોચની નીતિ : પાટીદાર બહુમતિવાળા વિસ્તારોમાં પત્તા મોડેથી ખોલવાનો કેન્દ્રીય ચૂંટણી સમિતિનો નિર્ણય : ૪૯ ધારાસભ્યોને ફરીથી ટિકિટ : ૧૩ પાટીદારને ટિકિટ

નવી દિલ્હી-અમદાવાદ,તા. ૧૭

ભાજપે ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારોની પ્રથમ યાદી જારી કરી દીધી છે. આની સાથે જ ઉમેદવારોની યાદીને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. જો કે, ભાજપે હજુ સુધી પાટીદાર બહુમતિવાળા વિસ્તારોમાં હજુ પોતાના પત્તા ખોલ્યા નથી. એમ માનવામાં આવે છે કે, ભાજપ આ વિસ્તારોમાં કોંગ્રેસના નિર્ણયનો ઈંતજાર કરશે. ભાજપને આશા છે કે, ટિકિટની ફાળવણીને લઈને જો કોંગ્રેસમાં અસંતોષની સ્થિતિ ઉભી થશે તો આનો ફાયદો થઈ શકશે. ભાજપે ૭૦ ઉમેદવારોની જે યાદી જાહેર કરી છે તેમાં ચાર મહિલાઓનો પણ સમાવેશ થાય છે. ઉમેદવારોની યાદી જાહેર કરતી વેળા તમામ બાબતોને ધ્યાનમાં લેવામાં આવી છે. જો કે, હજુ સુધી બાકીના ઉમેદવારોને લઈને ચર્ચાઓનો દોર ચાલી રહ્યો છે. અમિત શાહના નેતૃત્વ હેઠળ ભાજપની કેન્દ્રીય ચૂંટણી કમિટિની બેઠક મળી હતી જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી રાજનાથસિંહ, વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ અને ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે આજે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પ્રથમ યાદીમાં સામેલ





● અનુસંધાન પાન-૫ પર

### પ્રથમ નજરે યાદી

| | |
|---|---|
| ● જાહેર ઉમેદવારો | ૭૦ |
| ● પુનઃ ટીકીટ (રિપીટ) | ૪૯ |
| ● પડતા મુકાયા | ૦૩ |
| ● હારી ગયેલાઓને ફરી ટીકીટ | ૧૧ |
| ● કોંગ્રેસમાંથી જોડાયેલા | ૦૫ |
| ● અપક્ષ ભાજપમાં જોડાયા | ૦૧ |
| ● ઓબીસી | ૨૧ |
| ● એસટી | ૨૧ |
| ● પટેલ | ૧૫ |
| ● ક્ષત્રિય | ૦૭ |
| ● એસ.સી. | ૦૬ |
| ● બ્રાહ્મણ | ૦૨ |
| ● જૈન | ૦૨ |
| ● કોળી | ૦૯ |

## નીતિશકુમાર પાસે તીર ચૂંટણી ચિહ્ન યથાવત

પટના, તા. ૧૭

ચૂંટણી પંચે જનતા દળ યુનાઈટેડને મોટો ફટકો આપી દેતા મહત્વનો નિર્ણય કર્યો છે. ચૂંટણી પંચે જનતા દળ યુનાઈટેડના ચૂંટણી પ્રતિકના મામલાને ઉકેલીને નીતિશકુમારના નેતૃત્વમાં જેડીયુને ચૂંટણી પ્રતિક તીર આપી દેવાનો નિર્ણય કર્યો છે. આની સાથે સાથે ચૂંટણી પંચે છોટુભાઈ અમરસંગ વસાવાની પોતાના ગ્રુપને અસલ જેડીયુ તરીકે ગણવાની અરજીને ફગાવી દીધી છે. ચૂંટણી પંચે એમ પણ કહ્યું છે કે, નીતિશકુમારની પાસે ધારાસભ્યોનું જોરદાર સમર્થન છે.

# મુડી દ્વારા ભારતના રેટિંગમાં સુધારો

નવી દિલ્હી,તા. ૧૭

અમેરિકાની રેટિંગ એજન્સી મુડીજે ભારતના રેટિંગમાં સુધારો કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારને મોટી રાહત થઈ છે. અમેરિકી એજન્સીએ ૧૩ વર્ષના લાંબા ગાળા બાદ ભારતના રેટિંગમાં સુધારો કર્યો છે. એજન્સીએ ભારતનુ રેટિંગ બા-૩થી વધારીને બા-૨ કરી દીધુ છે. મુડીએ ભારતના ક્રેડિટ રેટિંગને વધારી દેવા માટે કેટલાક કારણો આપ્યા છે. જે પૈકી એક કારણ અર્થતંત્ર અને સંસ્થાકીય સુધારા પણ છે. આ અગાઉ મુડીએ વર્ષ ૨૦૦૪માં ભારતનુ રેટિંગ બા-૩ જાહેર કર્યુ હતુ. રોકાણના ક્ષેત્રમાં બા-૩ને સૌથી નીચા રોકાણના ગ્રેડ તરીકે ગણવામાં આવે છે. હવે કબુલાત કરવામાં આવી છે કે ભારતમાં સતત વિકાસની ગતિવિધી જારી રહી છે. મુડીએ તેના નિવેદનમાં કહ્યુ છે કે ભારતનુ રેટિંગ અપગ્રેડ કરવા માટે તેના દ્વારા લેવામાં આવી રહેલા સુધારા છે. મુડીએ કબુલાત કરતા કહ્યુ છે કે જેમ સમય પસાર થશે તેમ તેમ ભારતના ગ્રોથમાં વધારો થશે. મધ્ય સત્ર અવધિમાં ભારતના દેવામાં ઘટાડો થઈ શકે છે. જો કે મુડીએ કહ્યુ છે કે વધારે પડતુ દેવુ તેની ક્રેડિટ પ્રોફાઈલને ખરા કરી શકે છે. ભારતમાં હવે ઉંચા વિકાસ દરની શક્યતા વધનાર છે. સુધારાના કારણે દેવામાં વધારો થઈ શકે છે. રેટિંગ આઉટલુકને સ્થિરથી વધારીને હકારાત્મક કરવાનો નિર્ણય કર્યો છે.

**૧૩ વર્ષ બાદ ભારતના રેટિંગમાં સુધારો કરાયો : અર્થતંત્ર અને નાણાંકીય સુધારાના લીધે ભારતના રેટિંગમાં સુધારો કરાયો છે : ભારતમાં સતત વિકાસ થઇ રહ્યો છે**

● અનુસંધાન પાન-૫ પર

## પદ્માવતિ ફિલ્મ મામલે ચિત્તોડગઢ કિલ્લાના ગેટ બંધ કરી દેવાયા

**કિલ્લાને જોવા આવી રહેલાઓને પરત મોકલાયા : ચિત્તોડગઢમાં બંધ માટેની જાહેરાત કરવામાં આવ્યા બાદ તંગદીલી ફેલાઇ : વિવાદ વધારે ગંભીર થવાની શક્યતા**




જયપુર,તા. ૧૭

સંજય લીલાની ફિલ્મ પદ્માવતિને લઈને વિરોધ વંટોળ વધતા તંત્રની ચિંતા સતત વધી રહી છે. પદ્માવતિ ફિલ્મનો વિરોધ કરી રહેલા રાજપુત કરણી સેનાના લોકોએ પહેલા દિપિકાની નાક કાપી નાંખવાની ધમકી આપ્યા બાદ હવે નવા પગલા લીધા છે. વિરોધીઓ દ્વારા ભણશાળી અને દીપિકાનુ માથુ કાપી નાંખનારને પાંચ કરોડના ઈનામની જાહેરાત કરી હતી. હવે હોબાળાની અસર વધારે દેખાઈ રહી છે. વિવાદની અસર હવે ચિત્તોડગઢમાં પણ દેખાઈ રહી છે. દેખાવકારોએ ચિત્તોડગઢના કિલ્લાને બંધ કરી દઈને કિલ્લાને નિહાળવા માટે આવી રહેલા લોકોને પરત મોકલી રહ્યા છે. ચિત્તોડગઢમાં બંધની જાહેરાત પણ કરવામાં આવી રહી છે. બીજી બાજુ દિપિકાની સુરક્ષા વ્યવસ્થા ધમકી મળ્યા બાદ વધારી દેવામાં આવી છે. ફિલ્મમાં દિપિકા રાની પદ્માવતિની ભૂમિકા અદા કરી રહી છે. પદ્માવતિ ફિલ્મના વિવાદના કારણે રાજકીય લડાઈ પણ છેડાઈ ગઈ છે.

**શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર**

**સ્નેહ મીલન કાર્યક્રમ**

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર જીલ્લા રાજપૂત સમાજ અને કચ્છ-કાઠીયાવાડ રાજપૂત સમાજના સંયુક્ત ઉપક્રમે તા. ૧૯/૧૧/૨૦૧૭ને રવિવારે બપોરે ૨-૦૦ કલાકે રાખેલ સ્નેહ મીલન કાર્યક્રમમાં શ્રી હરપાલસિંહ ઝાલાના હાસ્ય દરબાર સાથે ભોજન લેવા માટે તમામ રાજપૂત કુટુંબોને હાર્દિક નિમંત્રણ છે.

ડો. શંકરસિંહ રાણા – પ્રમુખ
વિક્રમસિંહ ગોલ – પ્રમુખ
પ્રદીપસિંહ બિહોલા – મહામંત્રી
રમજુભા જાડેજા – પ્રમુખ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય




## કોલકાતા ટેસ્ટમાં વરસાદ અવરોધક

કોલકાતા, તા. ૧૭

કોલકાતાના ઐતિહાસિક ઈડન ગાર્ડન ખાતે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચના બીજા દિવસે પણ વરસાદ વિલન બનતા સ્થિતિ જટિલ રહી હતી. આજે રમત બંધ રહી ત્યારે ભારતે ૭૪ રનમાં પાંચ વિકેટ ગુમાવી હતી. પ્રથમ દિવસે ખુબ ઓછી રમત શક્ય બન્યા બાદ આજે બીજા દિવસે પણ ઓછી રમત શક્ય બની હતી. આજે રમત બંધ રહી ત્યારે ભારતે નિરાશાજનક દેખાવ જારી રાખ્યો હતો. ભારત તરફથી ચેતેશ્વર પુજારા મક્કમ બેટિંગ કરી રહ્યો છે અને તે ૪૭ રન સાથે રમતમાં છે. જ્યારે વિકેટકીપર બેટ્સમેન સહા ૭ રન સાથે રમતમાં છે.

